# આજથી શિવાલયોમાં હર હર મહાદેવ.. ના નાદ ગૂંજશે

## શહેરમાં શ્રાવણ માસના પ્રારંભથી મહાદેવના મંદિરોમાં ભાવિક ભક્તોની ભીડ જામશે અને શહેરમાં ભક્તિમય માહોલ જામશે : સે-૨૨ પંચદેવ મહાદેવ મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શિવજીને વિશેષ શ્રૃંગાર કરાશે

ગાંધીનગર, તા.૨૮

તા.૨૯મી જુલાઈથી ભગવાન શિવજીને પ્રિય એવો શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહયો છે. સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન શિવભક્તો ભગવાન શિવની આરાધના કરીને જીવને શિવમાં પરોવવાનો પુરૂષાર્થ કરશે. શહેર આખુંય શિવભક્તિમાં રસતરબોળ થશે. શિવાલયો ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવના નાદ ગુંજી ઉઠશે. કોરોનાના બે વર્ષ બાદ શહેરીજનો અનેરો ધર્મોત્સાહ સાથે શિવભક્તિમાં લીન થશે.

ગાંધીનગરમાં ધોળાકુવા ગામમાં ધોળેશ્વર મહાદેવ, સે-૨૨ પંચદેવ મંદિર, વૈજનાથ મહાદેવ, સેકટર-૩/ડીમાં રામેશ્વર મહાદેવ, સે-૪/એમાં ઓમકારેશ્વર મહાદેવ, સે-૬/બીમાં ચંદ્રમૌલેશ્વર મહાદેવ, સે-૫માં શિવશક્તિ મંદિર, સે-૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવ, સે-૧૬માં સોમનાથ મહાદેવ મંદિરોમાં શ્રાવણ માસમાં ભક્તો દર્શનાર્થે ઉમટશે.

શહેના જાણીતા એવા પંચદેવ મહાદેવ મંદિર સે-૨૨ ખાતે શ્રાવણ માસમાં વિશેષ શ્રૃંગાર કરવામાં આવશે. જેમાં શ્વેતાંબર, પિતાંબર, વ્યાઘ્રાંબર વસ્ત્રોથી શિવ-પાર્વતી, ગણેશજીને સુશોભિત





કરવામાં આવશે. સનાતન હિન્દુ ધર્મમાં શ્રાવણ માસના સોમવારનું વિશેષ મહત્વ છે. આ દિવસે ભગવાન ભોળાનાથની પૂજા કરવાથી શુભ ફળ મળે છે. ભગવાન શિવને હિન્દુ ધર્મના સૌથી લોકપ્રિય દેવતાઓમાંના એક માનવામાં આવે છે. જો કે દરેક દિવસ ભગવાન શિવની આરાધના કરવાના અવસરથી ઓછો નથી પરતુ જો શ્રાવણ મહિનાનો સોમવાર હોય તો.. આ અવસર શ્રેષ્ઠ માનવામાં આવે છે.શ્રાવણ માસ નિમિત્તે શહેરના બજારોમાં પણ પૂજાપો અને ફુલોનું આગમન થઈ ચુકયું છે. ભગવાન શિવને બિલીપત્ર, ધતુરા, કમળ, ચંદન, દૂધ ચઢાવવામાં આવે છે. આ સાથે જ શિવ મંદિરોમાં સજાવટ માટે રંગબેરંગી ફુલોનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી બજારોમાં વિવિધ ફુલોનું વેચાણ વધ્યું છે. આ ઉપરાંત શિવભક્તો પૂજા દરમિયાન મંત્રોનો જાપ કરતાં હોવાથી રૂદ્રાક્ષની માળાનું વેચાણ પણ વધ્યું છે. શ્રાવણમાં ઉપવાસનું વિશેષ મહત્વ છે તેથી ફરાળી વસ્તુઓ અને ફળફળાદીની ડિમાન્ડ વધશે. વેપારીઓ પણ પર્વોના કારણે આનંદની લાગણી અનુભવી રહયા છે. આખરે બે વર્ષ બાદ કોરોના મહામારી બાદ શહેરીજનો ભક્તિભાવથી શ્રાવણ માસની ઉજવણી કરશે. શિવમંદિરોમાં પણ સુંદર સજાવટ કરવામાં આવી છે. શ્રાવણ માસની શરૂઆતથી મંદિરોમાં વહેલી સવારથી જ હર હર મહાદેવના નાદ ગુંજવા લાગશે અને શહેરમાં ભક્તિમય માહોલ જોવા મળશે.

# પિતાની પુણ્યતિથીએ પુત્રની રક્તદાન સાથે શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા.૨૮

ભારતીય સંસ્કૃતિમાં પિતૃ તર્પનું ખૂબ મહત્વ છે અને સંતાનો હંમેશા પોતાના સ્વર્ગસ્થ પિતૃઓના આત્માની સદગતિ માટે તર્પણ માટે કરવા તત્પર હોય છે. જ્યાં શહેરના દિવંગત આત્માઓના પાર્થિવ શરીરની અંતિમક્રિયા કરવામાં આવે છે તેવા મુક્તિધામ સ્મશાન ખાતે કાર્યરત તેમજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સક્રીય કાર્યકર એવા કિરણસિંહ વાઘેલાના સ્વર્ગસ્થ પિતાશ્રી ફુલસિંહ વાઘેલાની તા.૨૭મી જુલાઈ, બુધવારે પ્રથમ વાર્ષિક પુણ્યતિથી હતી. આ પ્રસંગે જિલ્લાના થેલેસેમિયાગ્રસ્ત જરૂરિયાતમંદ દર્દીઓને સહાયરૂપ થવાના આશયથી તેમણે પિતૃતર્પણના ભાગરૂપે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડબેંકમાં રક્તદાન કર્યુ



હતું. આ સાથે તેમના ભાભી જીનલબા રણજિતસિંહ વાઘેલાએ પણ રક્તદાન કરીને બંને રક્તદાતાઓએ સ્વર્ગસ્થ પિતૃને શ્રદ્ધાંજલી સાથે સેવાધર્મનું અનોખું ઉદાહરણ પ્રસ્તુત કર્યુ હતું. આ સાથે બંને રકતદાતાઓએ શહેરીજનોને દરેક જન્મદિવસ કે સ્વજનની પુણ્યતિથી જેવા પ્રસંગોએ "રક્તદાન એજ મહાદાન"ને સાર્થક કરવાનો પ્રેરક સંદેશ પણ પુરો પાડ્યો હતો.

### સરસ્વતી વિદ્યાલયમાં આઈસક્રીમ સ્ટિકની પ્રવૃત્તિ

ગાંધીનગર, તા. ૨૮

સે. ૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં અવાર-નવાર વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું રહે છે. જે અંતર્ગત કે.જી. વિભાગના શિક્ષિકાબહેન પ્રીતિબેન અને હિનાબેન દ્વારા બાળકોને આઈસક્રીમ સ્ટિકની એક્ટિવિટી કરાવડાવી હતી. જેમાં આઈસક્રીમ સ્ટિકથી વિમાન, ફોટોફ્રેમ, સૂર્ય, વોલપીસ બનાવવામાં આવ્યું હતું. જેમાં પ્લે ગ્રૃપ, જુ.કે.જી, સિ.કે.જી.ના બાળકોએ ચોક કલરથી સ્ટિકમાં અલગ-અલગ કલર પૂરી કલરની ઓળખ અને એક્ટિવિટી કરીને અનેરો આનંદ પ્રાપ્ત કર્યો હતો. જેમાં સંસ્થાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા અને આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે બાળકોને ચોકલેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# ગાંધીનગરમાં રેફ્રિજરેશન ઉદ્યોગનું પ્રદર્શન "રેફકોલ્ડ ઈન્ડિયા" યોજાશે

## દક્ષિણ એશિયાનું સૌથી મોટું પ્રદર્શન હશે જેમાં કોલ્ડ ચેઈન અને રેફ્રિજરેશન ઉદ્યોગનાં સોલ્યુશન્સ ઉદ્યોગને સંલગ્ન સમુદાય એકત્ર થશે : સાથે મહત્વની કોન્ફરન્સનું પણ આયોજન

ગાંધીનગર, તા. ૨૮

કોલ્ડ ચેઈન અને રેફ્રિજરેશન ઉદ્યોગનાં સોલ્યુશન્સ અંગે દક્ષિણ એશિયાનું સૌથી મોટું પ્રદર્શન અને કોન્ફરન્સ "રેફકોલ્ડ ઈન્ડિયા"નું પાંચમુ એડિશન મહાત્મા મંદિર ખાતે આગામી તા.૮થી ૧૦મી ડિસેમ્બર દરમ્યાન યોજાશે જે દક્ષિણ એશિયાનું સૌથી મોટું પ્રદર્શન હશે જેમાં કોલ્ડ ચેઈન અને રેફ્રિજરેશન ઉદ્યોગનાં સોલ્યુશન્સ ઉદ્યોગને સંલગ્ન સમુદાય એકત્ર થશે. "રેફકોલ્ડ ઈન્ડિયા" એ ધ ઈન્ડિયન સોસાયટી ઓફ હીટીંગ, રેફ્રિજરેટીંગ અને એર કન્ડીશનીંગ એન્જીનિયર્સનું આયોજન છે. આ સંસ્થા ૪૪થી વધુ ચેપ્ટર્સ અને આશરે ૩૦હજાર પ્રોફેશનલ સભ્યો ધરાવે છે. આઈશેર બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકા, કેન્યા અને અબુ ધાબીમાં પણ પોતાના ઈન્ટરનેશનલ ચેપ્ટર્સ શરૂ કરી રહ્યું છે. આઈશેર રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે સક્રિય કામગીરી કરી રહ્યું છે અને તેનો ઉદ્દેશ ઉત્તમ ટેકનોલોજી સોલ્યુશન્સ રજૂ કરીને આ ક્ષેત્રના વિકાસમાં વૃધ્ધિ કરવાનો છે. આઈશેરના નેશનલ પ્રેસિડેન્ટ- એનએસ ચંદ્રશેખર જણાવે છે કે “રેફકોલ્ડ ઈન્ડિયા રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન ઉદ્યોગના તમામ ક્ષેત્રોને એક જ સ્થળે એકત્રિત કરશે અને સાથે સાથે કોલ્ડ ચેઈન અને રિફર ટ્રાન્સપોર્ટેશન તરફ ધ્યાન કેન્દ્રિત કરતું આ એક માત્ર પ્રદર્શન છે. અમને એક્ઝીબીટર્સ તરફથી અદભૂત પ્રતિસાદ મળ્યો છે અને આ સમારંભ વધુ એકવાર અત્યંત સફળ બની રહેશે તેવો અમને વિશ્વાસ છે.’’ ત્રણ દિવસના આ સમારંભના ભાગરૂપે ફાર્મા, ડેરી, માછીમારી અને હોસ્પિટાલિટી ઉદ્યોગ અંગેના વિશિષ્ટ સેમિનાર્સ અને વર્કશોપ્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રેફ્રિજરેશન અને કોલ્ડ સ્ટોરેજ ટેકનોલોજી તથા કોલ્ડ ચેઈન ઉદ્યોગના ભાવિ સપ્લાયર્સ અને બાયર્સને એકબીજા સાથે જોડીને વ્યૂહાત્મક જોડાણો વિકસાવવામાં રેફકોલ્ડ ઈન્ડિયા નેટવર્કીંગની વિવિધ તકો પૂરી પાડશે. ઈનોવેટીવ પ્રોડકટસ અને સ્ટાર્ટઅપ્સની ટેકનોલોજીનું મહત્વ પારખીને આ વિષયનો એક ડેડીકેટેડ પેવેલિયન આ સમારંભનો હિસ્સો બની રહેશે. આઈઆઈઆર પેરિસ, ચીન, તુર્કી, એએચપીએનડબલ્યુ-જાપાન તેમજ અન્ય દેશોના પ્રતિનિધિ મંડળ પણ આ સમારંભમાં સામેલ થશે. દુનિયાભરના આ ઉદ્યોગના નિષ્ણાંતો સફળ કેસ સ્ટડીઝ અને બિઝનેસ મોડેલ્સની એન્જીનિયર્સ કોક્લેવમાં રજૂઆત કરશે. રેફકોલ્ડ ઈન્ડિયામાં ઓછી અથવા તો મર્યાદિત માળખાગત સુવિધાઓ ધરાવતા વિકાસમાન દેશોમાં વેક્સીન કોલ્ડ ચેઈન અને વૈકલ્પિક ઉપાયોનો વિષય કેન્દ્રમાં રાખીને સંવાદ હાથ ધરાશે.

### "દિવા તળે અંધારુ" :

# સે. ૧ ઉના છાપરાંમાં દેશી દારૂની પોટલીઓનું વેચાણ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના બોટાદ જિલ્લામાં સર્જાયેલા લઠ્ઠાકાંડે સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી દીધી છે અને રાજ્યમાં દારૂબંધીના કડક અમલ પર સવાલ ખડા કર્યા છે. રાજ્યના ગૃહ રાજ્ય મંત્રીએ બોટાદના લઠ્ઠા કાંડ બાબતે સંબોધેલી પત્રકાર પરિષદમાં કોન્ફરન્સમાં સમગ્ર રાજ્યની અંદર દારૂબંધી સંદર્ભે કડક પગલાં લેવાનું નિવેદન આપ્યું હતું પરંતુ "દિવા તળે અંધારું" હોય એમ રાજ્યના પાટનગરમાં જ દારૂની કોથળીઓ ખુલ્લેઆમ વેચાઈ રહી



હોવાનું જાણવા મળ્યું છે. સોશિયલ મિડીયા પર વાઈરલ થયેલ તસવીરો અને ઓડિયો ક્લિપ અને પ્રાપ્ત વિગતો અનુસાર શહેરના સેક્ટર-૧ ઉમાં રેલ્વે લાઈન નજીકના છાપરાં વિસ્તારમાં દેશી દારૂની પોટલીઓનું વેચાણ હજુ પણ બેધડક રીતે થઈ રહ્યું છે અને તે વેચાણ ખાસ કરીને મોડી સાંજના સમયે એક કુખ્યાત ભાઈ-બહેનની જોડી દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ સાથે એવું પણ જાણવા મળ્યું છે કે ઉવારસદના બુટલેગર દ્વારા દરરોજ સાંજે સ્કુટર પર થેલામાં દેશી દારૂની પોટલીઓ ભરીને વાવોલ તથા સેક્ટર-૧ ઉના છાપરાંમાં અને ઝુંપડપટ્ટી સહિતના વિસ્તારમાં માલ સપ્લાય કરવામાં આવે છે. પોલીસ તંત્રએ આ બાબતે તાત્કાલિક પગલાં ભરીને આ દૂષણને કાયમી રીતે ખતમ કરવું જોઈએ તેવી સ્થાનિક રહીશોમાં માંગ પ્રવર્તી રહી છે.



સેક્ટર-૨૫ જીઆઈડીસીની ફેકટીઓમાંથી કેમીકલવાળુ ગંદુ પાણી સતત રોડ પર છોડવામાં આવી રહ્યું છે. કેમીકલવાળુ પાણી રસ્તા પર ફરી વળે છે. કેમીકલની દુર્ગંધ આખા વિસ્તારમાં ફેલાતા અહીંથી પસાર થવુ મુશ્કેલ બને છે. વાહનચાલકોને પણ ખુબ જ પરેશાની ભોગવવી પડે છે.

### પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૮

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એન.એસ.એસ. સ્પોર્ટ્સ અને ઈકોક્લબના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ તથા તમામ હોદ્દેદારો અને કોલેજ સ્ટાફ પરિવાર તેમજ કોલેજની ૩૦ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. આ કાર્યક્રમમાં એન. એસ. એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરી, ડૉ. તારાબેન દેસાઈ તથા પ્રા. વિનોદભાઈ ચૌધરી દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ.

# શ્રાવણ અને રૂદ્રાક્ષ : ચૌદમુખી રૂદ્રાક્ષોનું મહત્વ

## રૂદ્રાક્ષ ભગવાન શિવની આંખમાંથી પડતા પાણીના ટીપાઓથી બનેલો છે : શ્રાવણમાં શિવજીના ભક્તો રૂદ્રાક્ષ ધારણ કરશે









ગાંધીનગર, તા. ૨૮

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ છે ત્યારે ભાવિક ભક્તોની મંદિરોમાં ભીડ જામશે. ભોલેનાથના મંદિરોમાં હર હર મહાદેવ, શંભુ ભોલેનાથજીના નાદ ગુંજી ઉઠશે. શિવજીના ભક્તો શ્રાવણ માસમાં રૂદ્રાક્ષ ધારણ કરે છે. આ રૂદ્રાક્ષનું વિશેષ મહત્વ ગણાય છે. સનાતન ધર્મમાં રૂદ્રાક્ષનું વિશેષ મહત્વ છે. કહેવાય છે કે કુદરત દ્વારા વરદાન સ્વરૂપે આપેલુ એકમાત્ર ફળ છે. જે અર્થ, ધર્મ કામ અને મોક્ષની પ્રાપ્તિમાં ફાયદાકારક માનવામાં આવે છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે રૂદ્રાક્ષ ભગવાન શિવની આંખમાંથી પડતા પાણીના ટીપાઓથી બનેલો છે. રૂદ્રાક્ષ ધારણ કરનાર પર ભગવાન શિવની કૃપા બની રહે છે. રૂદ્રાક્ષ ધારણ કરનારમાં નકારાત્મક ઊર્જા પણ આવતી નથી તેમજ જે ઘરમાં રૂદ્રાક્ષની નિયમિત પૂજા કરવામાં આવે છે ત્યાં ક્યારેય પૈસા અને અન્નની કમી નથી રહેતી. માતા લક્ષ્મી હંમેશા ત્યાં વાસ કરે છે. આવો જાણીએ કયો રૂદ્રાક્ષ ધારણ કરવાથી શું ફાયદો થાય છે.

- **એકમુખી રૂદ્રાક્ષ**

એકમુખી રૂદ્રાક્ષ અત્યંત દુર્લભ માનવામાં આવે છે તેના વિશે કહેવાય છે કે તે સર્વ સિદ્ધિઓના દાતા છે. જ્યાં તે રહે છે ત્યાં અષ્ટ સિદ્ધિઓ અને નવ સિદ્ધિઓ રહે છે. જે એકમુખી રૂદ્રાક્ષ ધારણ કરે છે તે ઈન્દ્રિયો પર વિજય મેળવે છે.

- **દ્વિમુખી રૂદ્રાક્ષ**

દ્વિમુખી રૂદ્રાક્ષ વિશે કહેવાય છે કે તે અર્ધનારીશ્વરનું સ્વરૂપ છે. આ ધારણ કરનારને માતા પાર્વતી અને શિવ બંનેની કૃપા પ્રાપ્ત થાય છે. આ રૂદ્રાક્ષ ધારણ કરવું વિવાહિત જીવનમાં સુખ અને પ્રસન્નતા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

- **ત્રણમુખી રૂદ્રાક્ષ**

ત્રણમુખી રૂદ્રાક્ષ અગ્નિનું સ્વરૂપ છે. તેને ધારણ કરવાથી અગ્નિદેવ હંમેશા પ્રસન્ન રહે છે. તેને પહેરવાથી ઓજસ અને ઊર્જા વધે છે. તે ભૂતકાળમાં જાણ્યે-અજાણ્યે કરેલા તમામ પાપોનો નાશ કરનાર છે.

- **ચારમુખી રૂદ્રાક્ષ**

ચારમુખી રૂદ્રાક્ષ ચતુરાનન બ્રહ્માનું સ્વરૂપ છે. આને ધારણ કરવાથી હંમેશા ભગવાન બ્રહ્માની કૃપા પ્રાપ્ત થાય છે. તેને ધારણ કરનાર વ્યક્તિ ધનથી સંપન્ન થાય છે. તેમજ આ રૂદ્રાક્ષને બુધનું પ્રતિક માનવામાં આવે છે. તેનાથી લખવાની શક્તિ અને બોલવાની શક્તિ પણ વધે છે.

- **પાંચમુખી રૂદ્રાક્ષ**

પાંચમુખી રૂદ્રાક્ષ શિવનું સ્વરૂપ છે. આ રૂદ્રાક્ષ અશુભ દોષોને દૂર કરવામાં સક્ષમ છે. આ રૂદ્રાક્ષ ધારણ કરવાથી શુભ ફળ પ્રાપ્ત થાય છે. આ રૂદ્રાક્ષ જ્ઞાન અને આધ્યાત્મિક વૃદ્ધિ માટે ધારણ કરવુ જોઈએ.

- **છ મુખી રૂદ્રાક્ષ**

છ મુખી રૂદ્રાક્ષ સન્મુખ કાર્તિકેયના માનવામાં આવે છે. તેને પહેરવાથી ભયમાંથી મુક્તિ મળે છે અને સ્વાસ્થ્ય પ્રાપ્તિ થાય છે. આ સાથે શક્તિ વધે છે. શત્રુઓથી પરેશાન લોકો માટે પણ આ રૂદ્રાક્ષ લાભકારી માનવામાં આવે છે.

- **સપ્તમુખી રૂદ્રાક્ષ**

સપ્તમુખી રૂદ્રાક્ષને સપ્ત માતૃકાનું પ્રતિક માનવામાં આવે છે. તેને પહેરવાથી દેવી લક્ષ્મી પ્રસન્ન રહે છે અને સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે. તેની સાથે જ સમાજમાં માન-સન્માન વધે છે અને શનિની સાડાસાતી અને ધૈયાથી રાહત મળે છે.

- **અષ્ટમુખી રૂદ્રાક્ષ**

અષ્ટમુખી રૂદ્રાક્ષને અષ્ટમાત્રિકાનું પ્રતિક માનવામાં આવે છે. આ રૂદ્રાક્ષ માતા ગંગાને ખૂબ જ પ્રિય છે. તેને ધારણ કરવાથી તમામ પ્રકારના પાપોનો નાશ થાય છે. આ રૂદ્રાક્ષ રાહુનુ પ્રતિક માનવામાં આવે છે. આને ધારણ કરવાથી રાહુના તમામ અશુભ પ્રભાવોથી બચી શકાય છે.

- **નવમુખી રૂદ્રાક્ષ**

નવ મુખી રૂદ્રાક્ષને નવશક્તિનું પ્રતિક માનવામાં આવે છે. તેને ધારણ કરવાથી મા દુર્ગા પ્રસન્ન થાય છે અને તેમના આશીર્વાદ જાળવી રાખે છે. યમરાજ અને મૃત્યુનો ભય દૂર થાય છે. આ રૂદ્રાક્ષને કેતુનું પ્રતિક માનવામાં આવે છે. તેને ધારણ કરવાથી કેતુના તમામ અશુભ પ્રભાવોથી બચી શકાય છે.

- **૧૨ અને ૧૪ મુખી રૂદ્રાક્ષ**

બારમુખી અને ચૌદ મુખી રૂદ્રાક્ષને ભગવાન શિવનું સ્વરૂપ માનવામાં આવે છે. તેને પહેરવાથી ઘરમાં ધન અને અનાજની કમી નથી રહેતી અને સુખ-શાંતિ રહે છે. મોટા ભાગની ધાર્મિક પ્રવૃત્તિઓ તેમના ઘરમાં જ થાય છે.

નોંધ :- અહીં આપેલી જાણકારી ધાર્મિક આસ્થાઓ અને લોક માન્યતાઓ આધારિત છે. જેનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. સામાન્ય જનરૂચિને ધ્યાનમાં રાખીને આ લેખને અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.